# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-11-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.
2) આણંદ જિલ્લાનાં વાસદ ખાતે બે વિશ્વવિક્રમ સર્જાયાઃ પાંચ હજાર લોકોએ માત્ર 60 મિનિટમાં 2.50 લાખ સીડબોલ બનાવ્યા
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતી કાલે વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભ દિવસે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે
4) શેરબજારમાં મૂહુર્ત ટ્રેડિંગમાં સેન્સેક્સમાં 300 થી વધુ અને નિફ્ટી-50માં 94 પોઈન્ટનો વધારો
5) આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ફેરફાર નહીં થવાની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, ગુજરાત સરકાર અને જીંદાલ અર્બન વેસ્ટ મેનેજમેન્ટ કંપની વચ્ચેની સંયુક્ત ભાગીદારીમાં નિર્મિત થયેલો આ પ્લાન્ટ ગુજરાતનો પહેલો વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વડા વિજય મિસ્ત્રીએ આ પ્લાન્ટથી પર્યાવરણને થનારા ફાયદા અંગે આ મુજબ જણાવ્યુઃ

(Byte Vijay Mistry)

દરમિયાન શ્રી શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના ટ્રસ્ટ સંચાલિત અને સરકારી ગ્રંથાલયના ગ્રંથપાલશ્રીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

શ્રી શાહે ઉપસ્થિત સૌને દિવાળી તેમજ નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા નૂતન વર્ષમાં 30 ટકા વાચકોનો વધારો થાય તેવો સામૂહિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. બાળકો, કિશોરો અને યુવાનોમાં વાંચનની ભૂખ વધે તે દિશામાં પ્રયાસો કરવા અને તે માટે તમામ પ્રકારના સહયોગની ખાતરી પણ શ્રી શાહે ઉચ્ચારી હતી.

---

- --પુલ., માહિતી ખાતુ અનિલ -(NAVIN)

# Shri Shri World record at Vasad

આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા આણંદ જિલ્લાનાં વાસદ ખાતે ''સીડ ધ અર્થ'' કાર્યક્રમમાં આજે બે વિશ્વ વિક્રમ સર્જવામાં આવ્યા છે. પાંચ હજાર લોકો દ્વારા માત્ર ૬૦ મિનિટમાં અઢી લાખ લાખ સીડબોલ બનાવવામાં આવ્યા હતા. બીજો વિક્રમ સીડબોલ ટ્રેનો ઉપયોગ કરીને સૌથી લાંબુ સ્લોગન બનાવવાનો નોંધાયો હતો.

એસ.વી.આઇ.ટી. કોલેજમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરની હાજરીમાં આ વિશ્વવિક્રમ નોંધાયા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટતા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધવાથી તેમાંથી ઉત્પન્ન થતા અન્ન, ફળ અને શાકભાજી ઝેરયુક્ત હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. આ બધામાંથી બચવાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક કૃષિ છે, તેમ જણાવતાં રાજ્યપાલે ઉમેર્યું કે, ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. તેમણે પર્યાવરણના રક્ષણ માટે મહત્તમ વૃક્ષો વાવવાની હાકલ કરી હતી.

આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરે દિવાળી પર્વની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં અન્નનું ખૂબ જ મહત્વ છે, સારા અન્નનું દાન કરવા માટે સારા બીજનું હોવું પણ અત્યંત જરૂરી છે.

પ્રાકૃતિક બીજના મહત્વ અંગે તેમણે આ મુજબ જણાવ્યું

## (શ્રી શ્રી રવિશંકર બાઈટ)

શ્રી શ્રી કૃષિ સાયન્સ અને ટેક્નોલોજી ટ્રસ્ટના ચેરમેન ડો. પ્રભાકર રાવે જણાવ્યું કે આ સીડબોલનું આગામી ચોમાસાની સીઝનમાં વાવેતર કરવામાં આવશે.

---

- પીટીસી આણંદ અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# CM-TOMOTORROW"S PLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભ દિવસે આવતીકાલે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે ત્યારબાદ તેઓ અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શનપૂજા બાદ નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે.

રાજ ભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવ્યા બાદ તેઓ અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. મુખ્યમંત્રી તે પહેલાં અમદાવાદ માં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જવાના છે. બપોરે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ અધિકારી મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

---------------------------------------------------------------------

- PTC ગાંધીનગર ,જયેશ પટેલ
-(NAVIN)

# DIWALI CELEBRETION DISTRICT

દિવાળીના શુભપર્વ પ્રસંગે ગઈકાલે રાજ્યમાં અનેક સ્થળોએ ચોપડા પૂજન સહિતની વિધી કરવામાં આવી હતી.

વલસાડના તિથલ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિ ભકતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓએ ચોપડાપૂજન કર્યું હતું.

ડાંગના પાંચ રાજવીઓ પૈકીના એક રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ દિવાળી સમયે વર્ષો ચાલતી પ્રથાને જીવંત રાખી છે આજે વાસુર્ણા ગામ ખાતે ગ્રામજનો અને આગેવાનોની હાજરીમાં વર્ષો જૂની પરંપરા અપનાવીને રાજા ઢોલ નગારા અને પાવરીના સુર તાલે રાજા ગામમાં ફર્યા હતા ત્યારબાદ ગામના પટેલ અને વડીલો એ પોતાની ડાંગી બોલીમાં શાસ્ત્રોત વિધિ કરી ગાદી પૂજા કરી હતી.

આ પરંપરા અંગે રાજવી ધનરાજસિંહે માહીતી આપીઃ

(Byte Rajvi Dhanraj Sinh)

---

- PTC-ડાંગ, વલસાડ, અનિલ પટેલ

-(NAVIN)

# Stock market

આજે મુંબઇ શેરબજાર-BSE અને નેશનલ સ્ટોક એક્સચેન્જ NSE ખાતે નવા સંવંત 2081 માટેનાં મૂહુર્તનાં સોદાનો તેજી સાથે પ્રારંભ થયો હતો. છેલ્લાં અહેવાલ પ્રમાણે બીએસઇ સેન્સેક્સ 335 પોઇન્ટ વધીને 79 હજાર 724 થયો હતો, જ્યારે નિફ્ટી 94 પોઇન્ટ વધીને 24 હજાર 299 થયો હતો.

વિદાય લઈ રહેલા સંવત 2080માં સેન્સેક્સ અને નિફ્ટીએ 22થી 25 ટકાનું વળતર આપ્યું હતું. મિડીયાને બાદ કરતાં વર્ષ દરમિયાન તમામ સેક્ટરોએ 14થી 75 ટકાનું સકારાત્મક વળતર આપ્યું છે.

---

- ડેસ્ક અનિલ

-(NAVIN)

# Weather

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ વધુ ફેરફાર થવાની શક્યતાઓ નહિવત છે. આ વર્ષે ચોમાસુ તેનાં નિશ્ચિત સમય કરતા લંબાયું હોવાથી શિયાળાની શરૂઆત પણ થોડી મોડી થઈ છે. નવેમ્બર મહિનો શરૂ થયા હોવા છતાં હજુ સુધી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં 37 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

આગામી સાત દિવસ બાદ રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં શિયાળાની શરૂઆત થવાની સંભાવના છે. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ થી વધુ નોંધાઈ રહ્યું છે તથા છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ડીસા જિલ્લામાં 39.6 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું

---------------------------------------------------------------------

- -પીટીસી અમદાવાદ અનિલ

-(NAVIN)

# VALSAD-FIRE

વલસાડ જિલ્લાના વાપી તાલુકાના લવાછ વિસ્તારમાં આવેલી એક કંપનીમાં વહેલી સવારે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. વાપી GIDC અગ્નિશમન વિભાગને આગ કાબુમાં લેવા 7 કલાક સુધીનો સમય લાગ્યો હતો. ફટાકડાને કારણે આગ લાગી હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. જોકે ચોક્કસ કારણ FSLની ટીમની તપાસ બાદ જાણવામાં આવશે. આ ઘટનામાં કોઈ જાન હાનિ થઈ ન હતી.

---

- PTC,વલસાડ ,જયેશ પટેલ

-(NAVIN)

# DIV-CYCLE YATRA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે બે યુવાનો પ્રકૃતિ બચાવ સંદર્ભે સાયકલ પર ભારત યાત્રા દરમિયાન દીવ ખાતે આવી પહોંચતા દીવવાસીઓએ તેમનું સ્વાગત કર્યું હતું, સાથે આ બંને યુવાનો એ દીવવાસીઓને પોતાના જન્મ દિવસ પર એક વૃક્ષ ઉગાડવા અપીલ કરી હતી, પર્યાવરણનું જતન કરવાનો સંદેશ આપ્યો હતો, તેઓ સમગ્ર ભારત ભ્રમણ કરી લોકો વૃક્ષારોપણ તથા પ્રકૃતિ બચાવ અંગે અપીલ કરી રહ્યા છે.

---------------------------------------------------------------------

- PTC,દીવ ,જયેશ પટેલ

-(NAVIN)